# રાજીનામાનો સમય અયોગ્ય : કેજરીવાલ

નવી દિલ્હી,તા.૧૧

આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પ્રથમ વખત કબૂલાત કરી છે કે સરકારમાંથી રાજીનામું આપવા માટેનો સમય યોગ્ય ન હતો. મુખ્યમંત્રી તરીકે રાજીનામું આપી દીધા બાદ કેજરીવાલની પ્રતિષ્ઠાને ચારેબાજુ ફટકો પડ્યો છે અને તેમની લોકપ્રિયતા પણ ઘટી છે. આવી સ્થિતિમાં પ્રથમ વખત ફેબ્રુઆરી મહિનામાં દિલ્હીના મુખ્યમંત્રી તરીકે રાજીનામું આપી દીધા બાદ કેજરીવાલે આ અંગે કબૂલાત કરી છે. કેજરીવાલે કહ્યું છે કે તેમની પાર્ટીને વધારે જોશમાં ન આવીને કોઈ યોગ્ય સમયમાં સરકારને છોડવાની જરૂર હતી. પંજાબના અમૃતસરમાં પોતાની પાર્ટીના પ્રચાર માટે જઈ રહેલા કેજરીવાલે અમૃતસર શતાબ્દી એક્સપ્રેસમાં વાતચીત દરમિયાન કહ્યું હતું કે સૈદ્ધાંતિક રીતે રાજીનામું આપવાને લઈને તેમને કોઈ દુઃખ નથી પરંતુ તેઓ માને છે કે આ નિર્ણય ભાજપ અને કોંગ્રેસ દ્વારા જનલોકપાલનો વિરોધ કરવામાં આવ્યો ત્યારે લેવામાં આવ્યો તે યોગ્ય ન હતો. કેજરીવાલનું કહેવું છે કે રાજીનામું આપી દેવાના નિર્ણય પાછળ કારણ દર્શાવવા માટે વધારે જનસભાઓ કરવાની જરૂર હતી. ત્યારબાદ સરકાર છોડવાની જરૂર હતી. ઝડપથી નિર્ણયના કારણે ભાજપ અને કોંગ્રેસ અમારા અંગે ખોટી માહિતી ફેલાવવામાં સફળ રહ્યા છે. ભવિષ્યમાં આવી ભૂલ કરતી વેળા સાવધાની રાખવામાં આવશે. કેજરીવાલ ચૂંટણીને લઈને હજુ પણ સાવધાન દેખાઈ રહ્યા છે. કેજરીવાલ માને છે કે ભાજપ ૧૮૦થી ઓછી બેઠક જીતશે અને ૨૭૨ના આંકડાને સ્પર્શ કરી શકશે નહીં. નરેન્દ્ર મોદીની રાજકીય કેરિયર માટે આ બાબત ઘાતક સાબિત થશે. મોદી દેશના વડાપ્રધાન નહીં બને તેમ તેઓ માની રહ્યા છે. કેજરીવાલે કહ્યું હતું કે એએપીને ચોક્કસપણે વારાણસી અને અમેઠીમાં જીત મળશે. આપ પાર્ટીને મિડલ ક્લાસના લોકો હવે યોગ્ય ગણી રહ્યા નથી તેવા પ્રશ્નના જવાબમાં કેજરીવાલે કહ્યું હતું કે બે રીતે લોકો એએપીના રાજીનામાથી રાજી થયા હતા. પ્રથમ કેટેગરીમાં અમારા નક્કર સમર્થકો હતા જે સરકારમાં રહીને કામ કરવા ઈચ્છુક હતા. બીજી કેટેગરી એવા લોકોની છે જે અરવિંદ કેજરીવાલને મુખ્યમંત્રી તરીકે અને મોદીને પીએમ તરીકે જોવા ઈચ્છુક છે. આ કેટેગરીમાં રહેલા લોકોને એવી બાબત પસંદ પડી નથી કે તેઓ મોદીને ટક્કર આપી રહ્યા છે. આવા સમર્થક અમને ક્યારેય પણ પાછા મળશે નહીં પરંતુ આની સંખ્યા ઓછી છે.



# મારૂતિ ૧૦૩૦૦૦ કાર રિકોલ કરી લેશે

નવીદિલ્હી, તા. ૧૧

ભારતમાં કાર બજારમાં વર્ચસ્વ ધરાવતી મહાકાય કંપની મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડે ફ્યુઅલ કેપ્સમાં ખામી બદલ ૧૦૩૦૦૦ કાર રિકોલ કરવાનો નિર્ણય કર્યો છે. સ્વિફ્ટ, ડિઝાયર અને ઈરટિગાની ૧૦૩૦૦૦ કારને પાછી ખેંચવામાં આવશે. કેટલાક કેસોમાં ફ્યુઅલ લીક થવાના બનાવો બની શકે છે. આવી સ્થિતિમાં લાખોની સંખ્યામાં કાર પરત ખેંચવામાં આવનાર છે. મારુતિ સુઝુકીના ડિલરો તમામ ૧૦૩૩૧૧ અસરગ્રસ્ત વાહનોના માલિકોનો સંપર્ક કરશે. ગયા વર્ષે ૧૨મી નવેમ્બર અને આ વર્ષે ચોથી ફેબ્રુઆરી વચ્ચે બનેલી તમામ કારનો સમાવેશ થાય છે. કંપનીએ એક નિવેદનમાં કહ્યું છે કે, ફ્યુઅલ



ફિલર નેટને બદલી નાંખવામાં આવશે. અસરગ્રસ્ત વાહનોમાં કોઈપણ તક રાખવામાં આવશે નહીં. ભારતમાં જે બે કાર વેચાઈ છે તે પૈકીની એક કાર મારુતિની હોય છે. જાપાનના સુઝુકી મોટરની મારુતિમાં હિસ્સેદારી ૫૬ ટકાની આસપાસની છે અને તે માલિકી ધરાવે છે. મારુતિ સુઝુકી દ્વારા લાખોની સંખ્યામાં કાર પરત ખેંચવાના નિર્ણય બાદ સ્વિફ્ટ અને ડિઝાયર કાર ધરાવતા લોકોમાં પણ ચર્ચાઓનો દોર શરૂ થયો છે. જો કે, મારુતિએ તમામ સમસ્યાઓનો ઉકેલ લાવવાની ખાતરી આપી છે.

# ભારતીય સરહદ પાસે પાકિસ્તાને ત્રણ હવાઈ પટ્ટી બનાવી : રિપોર્ટ

નવી દિલ્હી, તા.૧૧

પાકિસ્તાને સરહદ નજીક ત્રણ હવાઈ પટ્ટી બનાવી લીધા બાદ ભારત સરકારને પણ વધુ સાવધાન થઈ જવાની જરૂર ઊભી થઈ છે. અલબત્ત આ હવાઈ પટ્ટીના નિર્માણ માટે પાકિસ્તાન દ્વારા જુદા જુદા કારણો આપવામાં આવી રહ્યા છે પરંતુ આ હવાઈ પટ્ટી પાકિસ્તાન માટે ખૂબ જ ઉપયોગી સાબિત થઈ શકે છે. સરંક્ષણની દ્રષ્ટિએ ભારતને આ હવાઈ પટ્ટી ભારે પડી શકે છે. ૨૬/૨૨ બાદ પાકિસ્તાનીએ એરફોર્સે ભારત-પાકિસ્તાન સરહદ ઉપર તેની હાજરીમાં સતત વધારો કર્યો હતો. ઈન્ટલિજન્સ સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે પાકિસ્તાને સિંદ પ્રાન્તમાં થારપારકર જિલ્લામાં ત્રણ હવાઈ પટ્ટીઓ બનાવી લીધી છે. આમા પણ એક હવાઈ પટ્ટી નાગરપારકરમાં ભોડીસર મસ્જિદની નજીક છે જે સરહદથી માત્ર ૩૫ કિલોમીટરના અંતરે સ્થિત છે. નાગરપારકરમાં સ્થાપિત હવાઈ પટ્ટી ખૂબ જ અતિ આધુનિક છે અને અહીંથી હેવિ લોડને પણ સહન કરી શકાય છે. સિંદ હવાઈ પટ્ટીઓનો ઉપયોગ જાસૂસી માટે માનવ રહિત ડ્રોનના લોન્ચ માટે પણ કરી શકાય છે. પાકિસ્તાન દ્વારા છેલ્લા ઘણા સમયથી અતિ આધુનિક હથિયારો મેળવવાના પ્રયાસો જારી રાખ્યા છે. આ હવાઈ પટ્ટીઓ અતિ આધુનિક નેવિગેશનર સુવિધા ધરાવે છે. ઉપરાંત એર ટ્રાફિક કંટ્રોલની સુવિધા ધરાવે છે. વધુ અતિ આધુનિક ઓપરેશનલ જરૂરિયાતોને પહોંચી વળવા માટે આ હવાઈ પટ્ટીને વધુ અપગ્રેડ કરી શકાય છે. અલબત્ત ફાઈટર જેટ વિમાનો આ હવાઈ પટ્ટીનો ઉપયોગ કરી શકે નહીં. કારણ કે તેમને વધારે લાંબા રનવેની જરૂર પડે છે. નાગર પારકરમાં હવાઈ પટ્ટી ૭૯૦ મીટર લાંબી અને ૩૦ મીટર પહોંળી છે પરંતુ ગ્રાઉન્ડ હુમલા કરવાની ક્ષમતા ધરાવનાર મુસાક એમએફઆઈ-૧૭ અને હરક્યુલસ સી-૧૩૦ વિમાન આ હવાઈ પટ્ટીથી ઓપરેટ થઈ શકે છે. આ હવાઈ પટ્ટીને સંપૂર્ણ લડાઈની ક્ષમતા સાથે અપગ્રેડ કરી શકાય છે. નાગર પારકરના ઉત્તરમાં ચીને પણ વર્ચસ્વ જમાવ્યું છે જે ભારત માટે સમસ્યા ઊભી કરી શકે છે. એકબાજુ પાકિસ્તાને સ્થાનિક તાલિબાન સાથે લડાઈ જારી રાખી છે પરંતુ ભારત સાથેની સરહદ ઉપર પણ તેને પોતાની તાકાત વધારી છે. સિંદમાં સ્થાપિત કરવામાં આવેલી ત્રણ હવાઈ પટ્ટીની મદદથી ભારતીય પ્રદેશની અંદર જાસૂસી ડ્રોન લોન્ચ કરી શકાય છે. ઉત્તરાણની આ પટ્ટી ખૂબ જ ઘાતક પણ સાબિત થઈ શકે છે. પાકિસ્તાને થારપારકરમાં ત્રણ પટ્ટી બનાવી છે. નયા ચોર, ખોખરા પાર અને ઈસ્લામા કોટ ખાતે આવી જ બે પટ્ટી બનાવવામાં આવી છે. પાકિસ્તાન દ્વારા આના માટે જુદા કારણ આપવામાં આવી રહ્યા છે. પાકિસ્તાનનું કહેવું છે કે આ હવાઈ પટ્ટીનો ઉપયોગ મિનરલથી ભરેલા પ્રદેશના આર્થિક વિકાસ માટે બનાવવામાં આવી છે.

### પાકિસ્તાને જ્યાં ત્રણ હવાઈપટ્ટી બનાવી છે તે

## થારપારકર જિલ્લામાં હજુ હિન્દુ લોકો રહે છે : રિપોર્ટ

નવી દિલ્હી, તા.૧૧

પાકિસ્તાને સિંધ પ્રાન્તમાં થારપારકર જિલ્લામાં ત્રણ હવાઈ પટ્ટી બનાવી લીધી છે. એક અગ્રણી અંગ્રેજી મેગેઝિને આ અંગેના અહેવાલ પ્રકાશિત કર્યા બાદ ભારે ખળભળાટ મચી ગયો છે. થારપારકર જિલ્લો રાજસ્થાનમાં જેસલમેર અને બાડમેર જિલ્લા સાથેની સરહદને સ્પર્સ કરે છે. આ ઉપરાંત ગુજરાતના કચ્છના રણ સાથે પણ તેને કનેક્શન છે. કરાચીથી ૩૫૦ કિલોમીટર પૂર્વે થારપારકર જિલ્લાની સરહદો રાજસ્થાન અને ગુજરાત સાથે સ્પર્સ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૯૭૧ના યુદ્ધ દરમિયાન ભારતીય સૈનાએ જોરદાર સાહસનો પરિચય આપીને અહીં ઘૂસી જવામાં સફળતા મેળવી હતી. યાદગાર ક્ષણો પૈકીની એક ક્ષણ એ હતી કે આ યુદ્ધ દરમિયાન ૧૦ પેરાકમાન્ડો બ્રિગેડની ટૂકડીએ પાકિસ્તાનના ઈન્ડસ રેન્જર્સના હેડક્વાર્ટર ઉપર હુમલો કરી દીધો હતો. થારપારકરના ચાચરો તાલુકામાં આ હુમલો કરવામાં આવ્યો હતો. આ કમાન્ડોએ ગ્રાઉન્ડ સૈનિકોની આગેકૂચને સરળ બનાવી દીધી હતી. યુદ્ધ બાદ રેજીમેન્ટે ઓફિસર બીએસ ભવાનીને મહાવીરચક્રથી સન્માનિત કર્યા હતા. આ સમગ્ર વિસ્તાર ભારતે પોતાના કબજામાં લઈ લીધો હતો. જો કે ૧૯૭૨માં સિમલા સમજૂતી થયા બાદ ભારતીય સૈનિકોએ આ ક્ષેત્ર ખાલી કરવા તૈયારી દર્શાવી હતી. સિંધના ૨૩ જિલ્લાઓ પૈકીના એક થારપરને ગણવામાં આવે છે. થારપારકર પાકિસ્તાનમાં ખૂબ ઓછા વિસ્તાર પૈકી છે જ્યાં હિંદુ લોકો પણ રહે છે. ભાગલા વેળા હિંદુ લોકો પણ ત્યાં જતા રહ્યા હતા પરંતુ ૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધ દરમિયાન મોટી સંખ્યામાં ભારતીય લોકો ફરી ભારતમાં હિજરત કરી ગયા હતા. પાકિસ્તાનમાં છેલ્લી વસ્તી ગણતરી મુજબ આંકડો ૪૭ ટકા સુધી ઘટી ગયો છે. હવે થારપારકરના હિંદુ લોકો મોટા ભાગે ભારતમાં છે. થારપારકરમાં ખૂબ ઓછી વખત કોમી રમખાણો થયા છે.

## ગોવામાં બે બેઠક માટે આજે મતદાન યોજાશે

પણજી, તા. ૧૧

ગોવામાં બે સંસદીય બેઠક પર આવતીકાલે શનિવારે મતદાન યોજાનાર છે. બંને બેઠકો ઉપર તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે ૧૦ લાખથી વધુ મતદારો મેદાનમાં છે. ગોવામાં ૧૦૬૦૭૭૭ જેટલા મતદારો છે જે પૈકી પુરુષ મતદારોની સંખ્યા ૫૨૮૩૦૮ છે જ્યારે મહિલા ઉમેદવારોની સંખ્યા ૫૩૨૪૬૯ છે. મતદાન સવારે સાત વાગે શરૂ થશે અને સાંજે ૭ વાગ્યા સુધી ચાલશે. ઉત્તર અને દક્ષિણ ગોવાની બેઠક પર કુલ ૧૯ ઉમેદવાર મેદાનમાં છે. તમામ જગ્યાઓએ ઈવીએમનો ઉપયોગ કરાશે. ૧૧૫૧ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે જ્યારે ૧૬૨૨ જેટલા ઈવીએમ રાખવામાં આવ્યા છે.

# મોદીને ક્લિનચીટ આપતા અહેવાલ સામે પ્રશ્નો ઉઠાવીને કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરવા સુપ્રીમનો ઇન્કાર

નવીદિલ્હી, તા.૧૧

લોકસભાની ચૂંટણીના દોર વચ્ચે ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને આજે મોટી રાહત થઈ ગઈ હતી. કારણ કે સુપ્રીમ કોર્ટે વર્ષ ૨૦૦૨માં ગુજરાતમાં ભડકેલા રમખાણોના સંબંધમાં તેની તપાસમાં સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (સીટ) દ્વારા નરેન્દ્ર મોદીને ક્લિનચીટ આપવાના પ્રશ્નો ઉપર સુનાવણી કરવાનો ઈન્કાર કરી દીધો હતો. નરેન્દ્ર મોદી લગ્નના દરજ્જાને લઈને હાલ વિરોધ પક્ષોની ટિકાટિપ્પણીનો સામનો કરી રહ્યા છે ત્યારે સુપ્રીમ કોર્ટથી મોટી રાહત મળતા ચૂંટણી પ્રચાર ભાજપના કાર્યકરોનો ઉત્સાહ અનેકગણો વધી જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. જસ્ટિસ એચએલ દત્તુ અને એસએ બોગડેની બનેલી બેંચે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજને આવરી લેતી સીટની ફરી રચના માટે માંગ કરતી અરજીને પણ ફગાવી દીધી હતી. લઘુમતી સમુદાય તરફથી એક વ્યક્તિને આવરી લઈને નિવૃત્ત જજોની બનેલી સીટની રચના કરવાની માંગ કરવામાં આવી હતી. મોદીનો ક્લિનચીટ આપવી એસઆઈટીની રિપોર્ટ ઉપર પ્રશ્નો ઉઠાવનાર અરજી ઉપર સુનાવણી કરવાનો સુપ્રીમે આજે ઈન્કાર કરતા મોદીના સમર્થકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. નવી સીટની રચનાની દલીલ પણ કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટ તરફથી રચવામાં આવેલી એસઆઈટીએ ગુલબર્ગ સોસાયટી રમખાણ મામલામાં ૨૦૧૨માં મોદીને ક્લિનચીટ આપી હતી. રમખાણમાં માર્યા ગયેલા પૂર્વ કોંગ્રેસી સાંસદ અહેસાન જાફરીના પત્નિ



ઝાકિયા જાફરી દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી પરંતુ નીચલી કોર્ટે ડિસેમ્બર ૨૦૧૩માં મોદીને ક્લિનચીટ આપતા એસઆઈટીના ક્લોઝર અહેવાલ પર મંજુરીની મહોર મારી દીધી હતી. ક્લોઝર રિપોર્ટમાં એસઆઈટી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, મોદીની સામે કોઈપણ પ્રકારના પુરાવા મળ્યા નથી. અલબત્ત ઝાકિયા જાફરીએ કહ્યું હતું કે, આ મામલામાં મોદી સહિત બીજા નેતાઓ, પોલીસ અધિકારીઓ અને અધિકારીઓની સામે કાર્યવાહી કરવા માટે પુરતા પુરાવા છે. મોદીને ક્લિનચીટ આપવાના સીટના અહેવાલ સામે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટની બેંચ દ્વારા સૂચન કરવામાં આવ્યા બાદ અરજી દાખલ કરનાર એડવોકેટ ફતીમા દ્વારા અરજીને પરત ખેંચી લેવાનો નિર્ણય કર્યો હતો. લોકસભાની ચૂંટણી હાલમાં યોજાઈ રહી છે ત્યારે આ મામલો પણ ઉગ્ર બની ગયો છે. અરજીને આધારવગરની ગણાવીને સુપ્રીમ કોર્ટે સીટની ફેરરચનાની માંગને પણ ફગાવી દીધી હતી. હાલના તબક્કે સીટની ફેર રચના યોગ્ય રહેશે નહીં. સીટે રમખાણ દરમિયાન ઉશ્કેરણી ફેલાવવા બદલ મોદી સામે તપાસ કરી હતી. ચોથી એપ્રિલના દિવસે સુપ્રીમ કોર્ટે ગુજરાતમાં કોમી રમખામણમાં ૨૦૦૨ની હિંસા સાથે સંબંધિત નવ કેસોમાં સીટ દ્વારા કરવામાં આવી રહેલી તપાસ મામલે સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. સીટનું નેતૃત્વ સીબીઆઈના ભૂતપૂર્વ ડિરેક્ટર આરકે રાઘવને કર્યું હતું. જે નવ કેસમાં સીટ દ્વારા તપાસ કરવામાં આવી હતી તેમાં ગુલબર્ગ સોસાયટી, સરદારપુરા, નરોડા ગામ, નરોડા પાટિયા, માછીપીઠ, ઓડ, તરસાલી, પંડરવાડા અને રાઘોપુરા હત્યાકાંડનો સમાવેશ થાય છે.

## સમાચાર ઝલક

- ૩૦ વર્ષનો સૌથી ખરાબ ચૂંટણી પ્રચાર આ વખતની ચૂંટણીમાં જોવા મળ્યો.
- ચીન સાથે વેપારની તક ગુમાવતું ભારત : રતન ટાટા.
- યુપીએ સરકારમાં કામદારોનાં વેતન છ ગણાં વધ્યા.
- ગુજરાતમાં દરિયાકાંઠાના ૧૬૦૦ કિ.મી.ના વિસ્તારનાં ગામોમાં સઘન કોમ્બિંગ.
- ઝારખંડના ગોડા જિલ્લામાં ૧૦૬ વર્ષના વૃદ્ધે લગ્ન કર્યા.
- નબળી લોનથી ગમે ત્યારે ભારતીય બેંકો કાચી પડી શકે : આઇ.એમ.એફ.
- દુનિયામાં સૌથી વધુ પસંદગીનો નંબર ૭ છે.
- દિલ્હી-મુંબઇમાં વસ્તી વિસ્ફોટથી જીવવું મુશ્કેલ બન્યું.
- પશ્ચિમ બંગાળના માલ્દા વિસ્તારમાં ચૂંટણી ટીમ પર હુમલો.
- સૂરતનાં જ્વેલર્સે મોદી બ્રાન્ડ ડાયમંડની ઘડિયાળ તૈયાર કરી.
- ડાંગ જિલ્લામાં લાંચ રૂશ્વતના છટકામાં બે ઇજનેરો ઝડપાયા.
- મણીનગરમાં કુરિયર મારફતે પુસ્તકોમાં છુપાવી મોકલાતો ચરસનો જથ્થો પકડાયો.
- જોર્ડન-ઇઝરાયેલની સરહદ પરથી એક લાખ ડોલરના હીરા સાથે એક ભારતીયની ધરપકડ.
- જામનગર સામુહિક બળાત્કાર પ્રકરણ કેસમાં ૩ આરોપીઓને જનમટીપની સજા ફટકારાઇ.
- ગુજરાતના ઇતિહાસમાં પ્રથમવાર ૨૦ લાખની લાંચ પ્રકરણ ઝડપતું લાંચરૂશ્વત ખાતુ, વિરમગામ તાલુકામાં ઇન્દિરા આવાસમાં લાંચ કૌભાંડ આચરાતું હતું.
- ઇવીએમ વિશે ખોટી ફરિયાદ કરાઇ તો જેલ ભેગા કરાશે, ચુંટણીપંચની કડકાઇ.
- આયાત ઘટવાથી કન્ટેનરોની તંગી, નિકાસકારો મુશ્કેલીમાં.
- ગુજરાતમાં હજયાત્રા માટે ક્વોટા કરતાં દસ ગણી અરજીઓ વધારે મળી.
- અમદાવાદમાં ૩ લાખ કિંમત સુધીની સાયકલો મળે છે.
- ગત વર્ષની દુર્ઘટનાની અસર, આ વર્ષે ચારધામ યાત્રામાં ૨૭૭ યાત્રાળુઓ નોંધાયા.
- અમદાવાદમાં ૬૦૦થી વધુ ઘરફોડ ચોરી કરનાર ઝડપાયો.
- અડધી મતદારો મહિલા હોવા છતાં ફક્ત પાંચ મહિલાઓને લોકસભા ચૂંટણીની ટિકીટ મળી.
- ઉનાળો તપતાં જ લોકો ટાઢકના આશરે, ઠંડા પાણીથી લઇ ઠંડા પીણાનાં બજારો સાંજ પછી ધમધમે છે.

# સેમસંગ ગેલેક્સી ગોલ્ડનની કિંમત ૨૨,૦૦૦ સુધી ઘટી

નવી દિલ્હી, તા.૧૧

સેમસંગ ગેલેક્સી ગોલ્ડન સ્માર્ટ ફોન પોતાની કિંમતથી ૨૨૦૦૦ રૂપિયા ઓછાં વેચાઈ રહ્યા છે. ભારતમાં આને ઓક્ટોબર ૨૦૧૩માં ૫૧૯૦૦ રૂપિયાની કિંમતમાં લોંચ કરવામાં આવ્યા બાદ હવે તેની બજાર કિંમત ઘટી છે. આ ફોન બજારમાં ૨૧૯૦૧ રૂપિયા ઓછી કિંમતે ૨૯૯૯૯ રૂપિયામાં વેચાઈ



રહ્યા છે. અલબત સેમસંગ તરફથી આ સંદર્ભમાં કોઈ સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી પરંતુ ઓનલાઈન શોપિંગ સાઈટ ફ્લિક કાર્ટ આ ગેલેક્સી ગોલ્ડનને ૨૯૯૯૯ રૂપિયામાં વેચે છે. સેમસંગ ગેલેક્સી ગોલ્ડન એવા ફ્લિક સ્માર્ટ ફોન છે જેમાં બે ડિસ્પ્લે છે. આ સ્માર્ટ ફોનમાં ફ્લિપ સ્ક્રીનની સાથે ૩.૭ ઈંચના બે ડિસ્પ્લે છે. આઉટર સ્ક્રીન તરત જ કોલિંગ અથવા રિસિવિંગ કરવાની સુવિધા ઉપલબ્ધ કરાવે છે. જ્યારે ફ્લિપને શરૂ કરી દેવામાં આવ્યા બાદ અંદર વધુ એક સ્ક્રીન અને કિપેઈડ હોય છે. સેમસંગ ગેલેક્સી ગોલ્ડન સ્માર્ટ ફોનમાં ૧.૭ ગીગા હર્ત્ઝ ડ્યુઅલ કોર પ્રોસેસર અને ૧.૫ જીબી રેમ છે. આ એન્ડ્રોઈડ ૪.૨ ઉપર ચાલે છે. આમા પાછળ તરફ આઠ મેગાપિક્સલ અને ૧.૯ મેગાપિક્સલના ફ્રન્ટ કેમેરા છે. તેમાં ૯ જીબી ઈન્ટર સ્ટોરેજ ક્ષમતા છે. કનેક્ટિવીટી ઓપશનમાં બ્યુટુથ, વાઈફાઈ, જીપીએસ, એજીપીએસનો સમાવેશ થાય છે. સેમસંગ ગેલેક્સી ગોલ્ડન ફોનની કિંમતમાં તીવ્ર ઘટાડો થવાના સંદર્ભમાં કોઈ માહિતી આપવામાં આવી રહી નથી. જાણવા મળેલી માહિતી મુજબ ફોનના વેચાણને વધારવાના હેતુસર કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ઓક્ટોબર ૨૦૧૩માં લોન્ચવેળા તેની કિંમત ૫૧૯૦૦ રૂપિયા રાખવામાં આવી હતી. ફોનને લઈને ભારતીય બજારમાં હાલ ક્રાંતિ છે અને તીવ્ર સ્પર્ધા ચાલી રહી છે.

## ઈન્ફોસીસના સીઈઓની સર્ચની પ્રક્રિયા શરૂ કરાઈ

નવીદિલ્હી, તા. ૧૧

ઈન્ફોસીસે સીઈઓની સર્ચ પ્રક્રિયા હાથ ધરી છે. તેની નોમિનેશન અંગેની કમિટિએ અનુગામીની પસંદગી કરવા શોધ હાથ ધરી છે. કંપની તરફથી જારી કરવામાં આવેલી એક યાદીમાં જણાવવામાં આવ્યું છે કે નોમિનેશન કમિટિ ઉમેદવારોની આંતરિક યાદીનું મૂલ્યાંકન કરશે અને ટૂંકી યાદી તૈયાર કરશે. ત્યારબાદ ડાઈમેન્શન ઈન્ટરનેશનલની મદદ સાથે ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવશે. બોર્ડે કારોબારી સર્ચ કમિટિમાં એક નિમણૂંક કરી દીધી છે. કંપનીનું કહેવું છે કે, શિબૂલાલે સીઈઓ અને એમડી તરીકે નિવૃત્ત થવા તેમની ઈચ્છા વ્યક્ત કરી દીધી છે. ઈન્ફોસીસે હજુ સુધી ટોચના હોદ્દાઓ માટે આંતરિક ઉમેદવારોને બઢતી આપવાની પરંપરા જાળવી રાખી છે. એનઆર નારાયણમૂર્તિ બાદ આની શરૂઆત થઈ હતી. ત્યારબાદ નંદન નિલકાની, ક્રિશ ગોપાલકૃષ્ણન અને હવે શિબૂલાલનો સમાવેશ થાય છે. પ્રથમ વખત બહારના લોકોને પણ તક આપવામાં આવી શકે છે. કંપનીના બે પ્રમુખના નામ ઉપર પણ ચર્ચા છે.

# નરેન્દ્ર મોદીની હિટલર સાથે હવે શરદ પવાર દ્વારા તુલના

નવીમુંબઈ,તા.૧૧

એનસીપીના વડા અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શરદ પવારે આજે મોદીની સરખામમી હિટલર સાથે કરી હતી. જર્મનીને બરબાદ કરી દેનાર હિટલરનો પવારે ઉલ્લેખ કર્યો હતો. નવા માલવન મતવિસ્તારના ભાગરુપે રહેલા કમોથેમાં ચૂંટણી પ્રચાર દરમિયાન નરેન્દ્ર મોદી ઉપર શરદ પવાર અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણે આકરા પ્રહાર કર્યા હતા. મુખ્યમંત્રીએ મોદીની કામ કરવાની પદ્ધતિને સરમુખ્ત્યાર તરીકે ગણાવી હતી. જ્યારે શરદ પવારે પરોક્ષ રીતે મોદીની સરખામણી હિટલર સાથે કરી હતી. પવારે ઉમેર્યું હતું કે, જર્મની હિટલર ચૂંટણી મારફતે સત્તામાં આવ્યા હતા અને સરકારની રચના કરી હતી. જો કે, જર્મનીમાં ત્યારબાદ શું થયુ તે બાબતથી તમામ લોકો વાકેફ છે. પવાર અને ચૌહાણ બંને એનસીપીના ઉમેદવારના પ્રચાર માટે પહોંચ્યા હતા. તેમના ભાષણમાં પૃથ્વીરાજે કહ્યું હતું કે, ૨૦૦૨ના ગુજરાત રમખાણ દરમિયાન કોંગ્રેસી નેતા જાફરીની હત્યા કરી દેવામાં આવી હતી. રમખાણો બાદથી અમેરિકાએ તેમના દેશમાં પ્રવેશ કરવા મોદીને વિઝા આપવાનો સતત ઈન્કાર કર્યો છે. આવી સ્થિતિમાં વડાપ્રધાન તરીકે મોદી કઈ રીતે કામ કરી શકે છે. ગુજરાત મોડેલની ભાજપ દ્વારા વાત કરાઈ રહી છે. મહારાષ્ટ્ર અને ગુજરાતની એક જ દિવસે રચના થઈ હતી. પહેલી મે ૧૯૬૦ના દિવસે બંનેની રચના કરવામાં આવ્યા બાદ ૫૪ વર્ષના લાંબાગાળા બાદ મોટાભાગના ક્ષેત્રોમાં મહારાષ્ટ્ર ગુજરાતથી ખુબ જ આગળ છે.

## ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટીની સરકાર મહિલાઓને રક્ષણ આપવામાં નિષ્ફળ : ભાજપના મુલાયમ પર પ્રહાર

નવીદિલ્હી,તા.૧૧

બળાત્કારના કેસોમાં મૃત્યુદંડની સજાનો વિરોધ કરનાર સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહની આજે જોરદાર ઝાટકણી કાઢવામાં આવી હતી. ભાજપે આજે તેની પ્રતિક્રિયામાં જણાવ્યું હતું કે, બળાત્કારના સંદર્ભમાં મુલાયમની ટિપ્પણી ખુબ જ ખતરનાક છે. આનાથી બળાત્કારના ગુનેગારોને પ્રોત્સાહન મળશે. સાથે સાથે બળાત્કારના મામલામાં કઠોર સજા કરવાની પ્રક્રિયાને અસર થશે. મુલાયમે ગઈકાલે એમ કહીને ભારે હોબાળો મચાવી દીધો હતો કે, બળાત્કાર માટે મૃત્યુદંડની સજા યોગ્ય નથી. મુલાયમે કહ્યું હતું કે, યુવાનોથી ભુલ થઈ જાય છે પરંતુ આના માટે ફાંસી થવી જોઈએ નહીં. ભાજપના પ્રવક્તા નિર્માલા સીતારામને પ્રતિક્રિયા કરતા કહ્યું હતું કે, આ ખુબ જ ખતરનાક છે. મુલાયમ કહી ચુક્યા છે કે, બળાત્કાર વિરોધી કાયદાઓને દૂર કરવામાં આવશે. આનાથી એવા સંકેત જઈ રહ્યા છે કે, મહિલાઓએ બળાત્કારના બનાવના સંદર્ભમાં માહિતી આપવી જોઈએ નહીં. મુલાયમ એમ કહી રહ્યા છે કે, બળાત્કાર સાબિત થતા નથી. મહિલાને પણ સજા થવી જોઈએ. સીતારામને વાતચીત કરતા કહ્યું હતું કે, એકબાજુ અમે મહિલાઓને વધુ સત્તા અને તાકાત આપવાની વાત કરી રહ્યા છીએ. મહિલાઓની સુરક્ષાની વાત કરી રહ્યા છે ત્યારે બીજી બાજુ આ પ્રકારની પ્રક્રિયાને રોકવાના બદલે મુલાયમસિંહ જેવા નેતાઓ બિનજરૂરી નિવેદન કરી રહ્યા છે.